


# પ્રાંતિજમાં પાલિકાની બેદરકારીથી રસ્તાઓ પર ઠેર ઠેર ભૂવા

પ્રાંતિજમાં માત્ર એક બે ઈંચ વરસાદમાં જ પ્રાંતિજની હાલત કફોડી બની છે અને ઠેર ઠેર ભૂવા પડવાની સાથે રસ્તાઓ ઉપર વાહનો તો શુ ચાલવાનું પણ મુશ્કેલ બન્યુ છે. જ્યારે કેટલાંક વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યાથી પણ લોકો પાલિકાથી તોબા પોકારી ઉઠ્યા છે. છેલ્લા ત્રણ દિવસથી મેઘરાજાની ધીમી ધારે માત્ર એક બે ઈંચ પધરામણી થતાં પ્રાંતિજ નગરપાલિકાની કામગીરીની પોલ ખુલ્લી કરી દીધી છે અને ઠેર ઠેર પાણી ભરવાની સાથે રસ્તાઓ ઉપર ભૂવાઓ કાદવ કીચડ થતા રહિશો પાલિકાની કામગીરીથી તોબા-તોબા પોકારી ઉઠ્યા છે જેમાં ગોપીનાથ સોસાયટી, હરિઓમ પાર્ક સોસાયટી, વૃંદાવન સોસાયટી, ઢબુનગર, શાંતિનાથ સોસાયટી વગેરે વિસ્તારોમાં રહીશોની હાલત કફોડી બની છે. જ્યારે સોસાયટીના રહિશોને વાહનો સોસાયટીની બહાર કે અન્ય જગ્યાએ મુકવાનો વારો આવ્યો છે ત્યારે મહિલાઓને રોજીંદી જીવન જરૂરીયાત ખરીદી માટે બજારમાં જવુ પણ મુશ્કેલ બન્યુ છે. ત્યારે બીજી બાજુ ગંદકીએ માજા મુકી છે અને ઠેર ઠેર પીવાના પાણીની સમસ્યાઓ તો ઉભી છે જેમાં હરિઓમ પાર્કમાં પણ પીવાના પાણી અનીયમીત કે માત્ર ૨૦ મિનિટ કે એક બે દિવસે આવે છે જ્યારે ભૂવા પડવાને કારણે ઠેર ઠેર વાહનો ફસાયા હતા ત્યારે પાલિકામાં અનેકવાર રજૂઆતો કર્યા છતાં તંત્રના બહેરા કાને કોઈ ફરક પડતો નથી ત્યારે હાલ તો ભૂવાઓ કાદવ કિચડ રસ્તાઓ પાણીની સમસ્યાઓને લઈને રહિશો પાલિકાના પાપે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યો છે ત્યારે હોતા હે ચલતા હે ની સ્થિતિ સર્જાઈ છે.

# મોડાસાના નાની ઈસરોલ પ્રાથમિક શાળામાં બે શિક્ષકો વચ્ચે મારામારી

## નાની ઈસરોલના ગ્રામજનોએ શિક્ષકોના અંદરો અંદરના ઝઘડાથી કંટાળી તાળાબંધી કરી

મોડાસા,તા. ૧૫

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા તાલુકાની નાની-ઈસરોલ પ્રાથમિક શાળા છેલ્લા બે વર્ષથી અનેક વિવાદોમાં સપડાયેલી છે. નાની



ઈસરોલ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકોને ચા-નાસ્તાના વાસણો ધોવડાવવામાં આવતા હોવાની ઘટનાથી આ પ્રાથમિક શાળા ગુજરાત રાજ્યના શિક્ષણ જગતમાં ચમકી હતી અને શિક્ષકો દ્વારા કરાવાતી બાળ મજુરીથી શિક્ષણ જગત સહિત પ્રજાજનો સમસમી ઉઠ્યા હતા. વારંવાર વિવાદોમાં સપડાતી રહેલી નાની ઈસરોલ પ્રાથમિક શાળામાં શિક્ષણ જગતને બટ્ટો લગાવતી ઘટના શુક્રવારે બનતા શાળામાં ફરજ બજાવતા બે શિક્ષકો કોઈ મુદ્દે સામ-સામે આવી જતા અને મારામારી પર ઉતરી આવતા ફિલ્મી દશ્યો સર્જાયા હતા. આ ઘટનાની જાણ ગામલોકોને થતા તાબડતોડ શાળામાં પહોંચી બાળકોના અભ્યાસ પર સતત વિવાદો અને મારામારીની ઘટનાની વિપરીત અસર ના પડે તે માટે નાની ઈસરોલ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા તમામ શિક્ષકગણની બદલી ન થાય ત્યાં સુધી તાળાબંધી કરી દેતા શિક્ષણજગતમાં ચકચાર ફેલાઈ હતી.

મોડાસા તાલુકાની નાની ઈસરોલ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકો તેમની અંદરો અંદરની તકરારથી હંમેશા વિવાદીત શાળા તરીકે અરવલ્લી જિલ્લાના શિક્ષણજગતમાં જાણીતી હતી. ત્યારે શુક્રવારે નાની ઈસરોલ પ્રાથમિક શાળામાં કલંકીત ઘટના બનતા હાહાકાર મચી ગયો હતો. આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર શાળામાં ફરજ બજાવતા એક બ્રાહ્મણ શિક્ષક દ્વારા તેમના જ સ્ટાફના શિક્ષકને પજવણી કરતો હોવાનો અને જાતિ પ્રત્યે અપમાનિત શબ્દો વાપરતો હતો ત્યારે બ્રાહ્મણ શિક્ષક દ્વારા આ શિક્ષક ભૂતકાળમાં આ શાળામાં ફરજ બજાવતા શિક્ષકોનો હાથો બની ખોટી રીતે આક્ષેપો કરતો હોવાની કેટલાય સમયથી તકરાર ચાલતી હતી ત્યારે આ તકરાર આજે વિકરાળ રૂપ ધારણ કરતા બન્ને શિક્ષકો હાથા પાઈ પર ઉતરી પડ્યા હતા અને એકબીજાને મારામારી કરતા બન્ને શિક્ષકોના કપડા ફાટી જતા સ્ટાફમાં મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવતા શિક્ષક દ્વારા બન્ને શિક્ષકોને છુટા પાડ્યા હતા. આ ઘટનાની જાણ ગ્રામજનો થતા તેમજ વાયુવેગે પ્રસરતા ૨૦૦થી વધુ લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને એસ.એમ.સી. કમીટીના અધ્યક્ષ પણ શાળામાં દોડી આવ્યા હતા. શિક્ષકો વચ્ચેની મારામારીના દશ્યો જોતા જ આની વિપરીત અશર બાળકો પર ન પડે તે માટે બાળકોને ઘરે લઈ ગયા હતા ત્યાર પછી ગામલોકોએ શિક્ષકોને શાળાના કંપાઉન્ડની બહાર ઝઘડવા કહી કાઢી મુક્યા હતા અને શાળાના તમામ ઓરડાઓને તાળાબંધી કરી અને બોર્ડ લગાવી દીધુ હતુ. ઝઘડાના લીધે સ્કૂલ બંધ રહેશે.

શિક્ષણજગતને બદનામ કરતી ઘટના બની હોવા છતા તાલુકા



કેળવણી નિરક્ષક કે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી શાળાની મુલાકાત લેવાનુ મૂનાસીબ ન માનતા ગામ લોકોમાં ઉગ્ર રોષ ફેલાયો હતો અને તમામ શિક્ષકોની બદલી કરવા માંગ કરી હતી.

## અમરનાથ યાત્રાએ ગયેલા હિંમતનગરના ૪૨ યાત્રિકો પરત ફરશે

હિંમતનગર, તા. ૧૫

કાશ્મીરમાં આતંકવાદી સંગઠન દ્વારા અશાંતિ ફેલાવાઈ રહી છે ત્યારે તેના કારણે સાબરકાંઠા જિલ્લામાં અમરનાથ યાત્રાએ ગયેલા અંદાજે ૭-થી વધુ યાત્રિકો મુશ્કેલીમાં મુકાયા હતા. જો કે આ યાત્રિકોએ તત્કાલિન સમયે અમૃતસર, બાલતાલ સહિતના અન્ય સ્થળે આશરો લીધો હોવાને કારણે સલામત હતા. જો કે અમરનાથ યાત્રાએ ગયેલા ઈડર અને પ્રાંતિજ તાલુકાના યાત્રિકો અમરનાથ બાબાના દર્શન કર્યા વિના પરત ફર્યા હતા. જ્યારે હિંમતનગરમાંથી ગયેલા ૪૨ યાત્રિકોને સેનાની મદદથી અમરનાથના દર્શન કરીને વૈષ્ણવદેવી અને હરિદ્વાર ગયા હતા. જેઓ શનિવારે અમદાવાદ આવ્યા બાદ સાંજે હિંમતનગર પરત ફરશે.

## અમરનાથ યાત્રાએ ગયેલા સાબરકાંઠા વાસીઓ આવતીકાલે પરત ફરશે

હિઝબુલ મુઝાહિદ્દિનનો કમાન્ડર એન્કાઉન્ટરમાં ઠાર મરાતાં કાશ્મીર ખીણમાં હિંસા ફાટી નીકળી હતી. કાયદો-વ્યવસ્થાની કથળેલી પરિસ્થિતિમાં અટકાવી દેવાયેલ અમરનાથ યાત્રામાં દેશભરમાંથી દર્શને ગયેલા કેટલાય યાત્રિકો ફસાઈ જતાં યાત્રિકો સહિત પરીવારજનોમાં ચીંતાની લાગણી પ્રસરી હતી. સાબરકાંઠા જિલ્લામાંથી અમરનાથ યાત્રામાં ગયેલા યાત્રિકો સુરક્ષિત હોવાનું જિલ્લા વહીવટીતંત્રએ જણાવતાં રાહત વર્તાઈ હતી.

# સાબરકાંઠામાં પ્રધાનમંત્રી ઉજ્જવલા હેઠળ એક લાખથી વધુ લાભાર્થીઓને ગેસ કિટ અપાઈ

## હિંમતનગરમાં ટાઉન હોલ ખાતે ૧૦૦થી વધુ લાભાર્થીઓને ગેસ કિટ અપાઈ

હિંમતનગર, તા. ૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક વર્ષ અગાઉ ધનિકોને મળતી ગેસની સબસીડી નહિ લેવાની કરેલી અપીલ કારગત નિવડી છે. ત્યારે તેમાંથી બચેલા નાણાં થકી પ્રધાન મંત્રીએ ગરીબોના ઘરમાં લાકડા અને કેરોસીનથી રસોઈ બનાવવી ન પડે તે માટે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના અમલમાં મુકી છે. ત્યારે આ



યોજનાથી સાબરકાંઠા જિલ્લાના અંદાજે એક લાખથી વધુ બીપીએલ લાભાર્થીઓને વિનામૂલ્યે ગેસ કિટનું વિતરણ કરાશે. જેના ભાગરૂપે શુક્રવારે હિંમતનગરના ટાઉનહોલ ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં ૧૦૦થી વધુ લાભાર્થીઓને ગેસ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં બોલતા પૂર્વ ગૃહ રાજ્યમંત્રી પ્રફુલ પટેલ, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ, પાલિકા પ્રમુખ નિલાબેન પટેલ, પ્રાંત ઓફિસર અને ઈન્ચાર્જ પુરવઠા અધિકારી કલ્પેશ પાટીદાર, એચ.પી.ગેસ એજન્સીના ડીલર મકબુલ પોથીગરાની ઉપસ્થિતિમાં બીપીએલ લાભાર્થીઓને મફત ગેસ કિટનું વિતરણ કરાયા બાદ ઉપસ્થિત પદાધિકારીઓએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિર્ણયને કારણે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં રહેતી ગરીબ પરિવારની મહિલાઓને ખાસ કરીને ચોમાસામાં લીલા લાકડાના કારણે ચૂલા સળગાવવામાં જે મુશ્કેલી પડતી હતી તેમાંથી મુક્તિ મળશે. એટલું જ નહિ પણ કેરોસીન ન હોવાને કારણે જે ગરીબ પરિવારોમાં રસોઈ થઈ શકતી ન હતી તેમને પણ મફત ગેસ કિટ મળવાને કારણે ભૂખ્યા સૂવાનો વારો નહિ આવે. ઈન્ચાર્જ પુરવઠા અધિકારીના જણાવાયા મુજબ સાબરકાંઠા જિલ્લામાં રહેતા એક લાખથી વધુ ગરીબ પરિવારોને આ યોજનાનો લાભ મળશે. જેના માટે તાલુકા કક્ષાએથી પણ જરૂરી વિગતો મંગાવી દેવામાં આવી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગરીબો માટે જાહેર કરેલી ઉજ્જવલા યોજના અંતર્ગત શુક્રવારે હિંમતનગરના ટાઉન હોલ ખાતે સાંસદ દીપસિંહ રાઠોડ, જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ, હિંમતનગર ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, હિંમતનગર નગરપાલિકા પ્રમુખ નીલાબેન પટેલ, પૂર્વ ગૃહમંત્રી પ્રફુલ પટેલ, ભાજપના મકબુલ પોથીગરા સહીત વિવિધ અધિકારીઓ અને પદાધિકારીઓની ઉપસ્થિતિમાં જિલ્લામાં ૧ લાખથી વધુ લાભાર્થીઓને ગેસ મળશે તેના ભાગરૂપે ૧૦૦થી વધુ લાભાર્થીઓને ગેસ કીટ વિતરણ કરવામાં આવી હતી.



## અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટને ગણપતિ મંદિરનો કબજો સુપ્રત

ગુજરાતના પ્રસિદ્ધ તીર્થ સ્થળ અંબાજી ખાતે અંબાજી મંદિરના પરીસરમાં આવેલુ સિદ્ધિ વિનાયક ગણપતીજીનું મંદિરનો કબજો મંદિર ટ્રસ્ટે મેળવી લીધો છે. અંબાજી મંદિર પરીસરમાં આવેલા ગણપતીજી મંદિરમાં છેલ્લા ૬૦ એક વર્ષથી ખાનગી પુજારીઓ દ્વારા પૂજા-વિધિ કરવામાં આવતી હતી. પણ અંબાજી માતા મંદિર દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા આ ગણપતીજી મંદિર આગળ ભેટ માટેની પેટી મુકાતા મંદિરના ખાનગી પુજારીઓ દ્વારા દાંતાની કોર્ટમાં પોતાનો હકદાવો દાખલ કર્યો હતો જે મામલે દાંતા કોર્ટે આપેલા સ્ટે ને પાલનપુરની સેશનકોર્ટ દ્વારા ખારીજ કરવામાં આવ્યો હતો. અને સદર મંદિર બાબતે કેસ ચાલી જતા ગણપતીજી મંદિરનો કબજો અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટને સુપરત કરવાં આદેશ કરાતાં મંદિર ટ્રસ્ટે આ મંદિરનો કબજો મેળવી લીધો છે. ને મંદિરે પોતાનો પુજારી બેસાડી પૂજા-વિધિનો પણ પ્રારંભ કરી દેવાયો છે. જો કે આ મામલે ખાનગી પુજારીએ સેસનકોર્ટના આદેશ સામે હાઈકોર્ટમાં અપીલ કરી પોતાના તર્ફે ન્યાયની માંગ કરી છે.

## મેઘરજના કુણોલ ગામે કરંટ લાગતા યુવકનું મોત

મેઘરજ, તા. ૧૫

મેઘરજ તાલુકાના કુણોલ ગામે ૩૬ વર્ષીય ઈસમ વારીગૃહના કૂવામાંથી ફળીયામાં નળ દ્વારા પાણી આવતુ હોઈ બાથરૂમ ઉપર સિન્ટેક્ષમાં ચઢાવવા માટે મોટર મુકી ચાલુ કરવા જતા જોરદાર કરંટ લાગ્યો હતો. અચાનક તેના પિતાની નજર પડી જતા તેઓએ મોટરના તમામ વાયરો ખેંચી લીધા હતા.

વિનોદને મોંઢામાંથી ફીણ આવી જતા ગામ લોકોએ ૧૦૮ દ્વારા વિનોદને મેઘરજની રેફરલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયો હતો. વિનોદને તાકીદે સારવાર મળતા જીવ બચી ગયો હતો.

## મેઘરજમાં મળી આવેલ અજાણ્યા ઈસમનું મોત

મેઘરજ નગરના નવા પેટ્રોલપંપ પાસેથી વરસતા વરસાદમાં બિમાર હાલતમાં એક અજાણ્યો ઈસમ મળી આવ્યો હતો ત્યારે બિમાર અજાણ્યા ઈસમને એક રાહદારીએ ૧૦૮ બોલાવી તેને મેઘરજ સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. ફરજ પરના હાજર તબીબે આ બિમાર ઈસમની પ્રાથમિક તપાસ કર્યા વગર રીફર ચીઠી બનાવી દેવાનું બહાર આવ્યુ હતુ અને તે દર્દીને વધુ સારવાર અર્થે હિંમતનગર સિવિલમાં દાખલ કરાયો હતો પરંતુ આ અજાણ્યા બીમાર ઈસમ હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં મૃત્યુ પામ્યો હતો.

## બામણામાં શાળાના નવીન મકાનનું ઉદ્ઘાટન અને વાલી સંમેલન યોજાયું

બામણામાં શ્રી ડી.એમ.બી.પી. હાઈસ્કુલ, સાર્વજનિક કુમાર છાત્રાલય તેમજ સ્વ.શાંતાબેન હરગોવિંદદાસ જોષી અને ભુલેશ્વર કડુરામ જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના નવિન રંગરોગાન મકાનનું ઉદ્ઘાટન સમારંભ અને વાલી સંમેલન યોજાયું.આ પ્રસંગે સાબરકાંઠા જીલ્લા ભાજપ પ્રમુખ જે. ડી. પટેલના વરદ્ હસ્તે ઉદ્ઘાટન યોજાયું હતું.બામણામાં નવિન રંગરોગાન મકાન અને વાલી સંમેલન કાર્યક્રમનું સંચાલાન ડૉ.ભીખાભાઈ પટેલએ કર્યું હતું.

## અંબાજીમાં પૂ. સત્યમિત્રાનંદજી પધારશે

પાલનપુર, તા. ૧૫

ભારતમાતા મંદિર હરિદ્વારના પ્રણેતા પૂર્વ શંકરાચાર્ય પ.પૂ. સત્યમિત્રાનંદગીરી આગામી ૧૬ જુલાઈથી ૧૯ જુલાઈ સુધી ચાર દિવસ માટે શક્તિપીઠ અંબાજીમાં પધારી રહ્યા છે.

અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા વિવિધ કાર્યક્રમો માટે ભવ્ય તૈયારીઓ થઈ રહી છે. પ.પૂ. સત્યમિત્રાનંદ-ગીરીજીના શિષ્ય એવા યજમાનો આ દિવસો દરમ્યાન પૂ.પૂ. સત્યમિત્રા-નંદજીના સાનીધ્યમાં મંદિરમાં આવેલ યજ્ઞશાળામાં યજ્ઞોમાં પણ યજમાન બની બેસવાના છે.

ગુરૂપૂર્ણિમા, ગુરૂપૂજા અને અન્ય કાર્યક્રમોમાં પ.પૂ. સત્યમિત્રાનંદજીના દર્શન અને આશીર્વાદ મેળવવા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, મંત્રી નિતીનભાઈ પટેલ, મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તેમજ મંત્રી મંડળના અન્ય સભ્યો પણ મુલાકાતે આવશે.

## મોડાસા આઈટીઆઈમાં કૌશલ્ય દિનની ઉજવણી

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં ભારત કૌશલ્ય સપ્તાહની ઉજવણી અંતર્ગત મોડાસા આઈ.ટી.આઈ.માં શુક્રવારના રોજ ઉજવણી કરવામાં આવી હતી. અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરની એક માત્ર આઈ.ટી. આઈ.માં મહિલાઓ પગભર બને તેના માટે અવનવા કોર્ષ ચલાવામાં આવી રહ્યા છે. જેમાં ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓ અને મહિલાઓ અભ્યાસ કરી રહી છે.